# મોદી અને રાહુલ અંબાણીના બે ચહેરા : કેજરીવાલ



નવી દિલ્હી,તા. ૨૩

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રદાન અરવિન્દ કેજરીવાલે આજે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી પર તેજાબી પ્રહારો કર્યા હતા. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર કેજરીવાલે આક્ષેપોનો વરસાદ કર્યો હતો. કેજરીવાલે મુકેશ અંબાણી સાથે સંબંધોનો આક્ષેપ કરીને કહ્યું હતું કે મોદીની સામે પણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. હરિયાણાના રોહતકમાંથી લોકસભાની ચૂંટણી માટે કેજરીવાલે પ્રચારનુ રણશિંગુ ફુંકયુ હતુ. કેજરીવાલે હરિયાણાના મુખ્યપ્રધાન ભુપેન્દ્રસિંહ હુડાને પ્રોપર્ટી ડિલર તરીકે ગણાવ્યા હતા. હુડાને દલાલ તરીકે ગણાવીને રાજકીય પક્ષોમાં ભારે ચર્ચા જગાવી છે. રેલીમાં કેજરીવાલે મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે મોદી દિવસભર વિમાન અને હેલિકોપ્ટરમાં ફરતા રહે છે. તેમની એક રેલીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આ પૈસા ક્યાતી આવી રહ્યા છે.

મોદીની ઈમેજ ચમકાવવા માટે ૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આખરે આ પૈસા ક્યાંથી આવી રહ્યા છે. કેજરીવાલે દાવો કર્યો હતો કે મુકેશ અંબાણી નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી બન્નેને પૈસા આપે છે. તેમના એક ખિસ્સામાં મોદી અને બીજા ખિસ્સામાં રાહુલ ગાંધી છે. કેજરીવાલે પ્રશ્ન કરતા કહ્યું હતું કે અંબાણી બંધુઓના કાળા નાણા સ્વીસ બેંકમં જમા છે. મુકેશ અંબાણીના ખાતા નંબર ૫૦૯૦૧૬૦૯૮૩ છે જ્યારે અનિલ અંબાણીના ખાતા નંબર ૫૦૯૦૧૬૦૯૮૪ છે. રેલીમાં કેજરીવાલે હરિયાણાના મુખ્યપ્રધાન હુડા પર તેજાબી પ્રહારો કર્યા હતા.

હુડા સરકાર પર આક્ષેપ કરતા તેમણે કહ્યું હતુ કે હુડાએ ખેડુતો પાસેથી સસ્તામાં જમીન લઈને રિલાયન્સને આપી દીધી છે. ત્યારબાદ આને કરોડોમાં વેચીને જંગી લાભ મેળવવામાં સફળતા મેળવી છે. કેજરીવાલે દાવો કર્યો હતો કે તેમની સરકારે દિલ્હીમાં ખુબ સારી કામગીરી અદા કરી હતી. ખુબ ટુંકા ગાંળામાં ાવી કામગીરી કોઈ સરકારે હજુ સુધી કરી નથી. તેમના પ્રધાનો મોડી રાત્રે પર લોકોની કાળજી લેતા હતા. ભાજપ અને કોંગ્રેસને ફગાવી દેવા તેમણે અપીલ કરી હતી.

## આંધ્રમાં રાષ્ટ્રપતિ શાસન લદાય તેવી પ્રબળ શક્યતા


હૈદરાબાદ,તા. ૨૩

આંધ્રપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના ભણકારા વાગી રહ્યા છે. આંધ્રપ્રદેશનું ભાવિ હજુ અધ્ધરતાલ દેખાઈ રહ્યું છે. યુપીએ સરકાર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના મુદ્દા ઉપર વિચારણા કરી રહી છે. કોંગ્રેસના નેતાઓએ ચૂંટણી સુધી ચૂંટાયેલી સરકાર માટે લોબી ચલાવવાની પ્રક્રિયા પણ તીવ્ર બનાવી દીધી છે. રાષ્ટ્રપતિ શાસન લાદવાના વિકલ્પ સૌથી વધારે દેખાઈ રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે રાષ્ટ્રપતિ શાસન લાદવાની શક્યતા વધારે દેખાઈ રહી છે. કિરણકુમાર રેડ્ડીના નેતૃત્વમાં રહેલી સરકારની જગ્યાએ ચૂંટાયેલી સરકાર ગોઠવવા માટે કોંગ્રેસના નેતાઓ પ્રયત્નશીલ છે જેથી કેન્દ્ર દ્વારા નિર્ણય લેવામાં વિલંબ થઈ રહ્યો છે. હવે આવતીકાલે સવારે ૧૧ વાગે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળનાર છે જેમાં આંધ્રપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. કેન્દ્ર દ્વારા નિર્ણય લેવામાં વિલંબના લીધે તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે. ગઈકાલે બે ચાવીરૂપ મુખ્યપ્રધાન પદના દાવેદારો ઉત્તમ કુમાર રેડ્ડી જે તેલંગાણાના છે અને કન્ના લક્ષ્મીનારાયણ જે સીમાંન્ધ્રના છે. આ બંને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા અને રાષ્ટ્રપતિ શાસનના બદલે ચૂંટાયેલી સરકાર રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ચૂંટાયેલી સરકાર ઉપરાંત કન્નાએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે વિધાનસભાની અવધીને વધુ છ મહિના માટે લંબાવી દેવામાં આવે. જો કે સોનિયા ગાંધીએ એક્ટેનશનની શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે આંધ્રમાં વિધાનસભાની ચૂંટણી સામાન્ય ચૂંટણીની સાથે યોજાઈ શકે છે. જો કે આ બે દાવેદારોનો મત છે કે કોંગ્રેસના વડા એકંદરે ચૂંટાયેલી સરકાર માટેની તેમની ઈચ્છાને નકારશે નહીં.

## કોઈ જ શિખ ગુજરાત છોડશે નહી : નરેન્દ્ર મોદી

લુધિયાણા,તા. ૨૩

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચૂંટણી પ્રચારના ભાગરૂપે પંજાબના લુધિયાણામાં વિશાળ રેલીને સંબોધન કરતા કોંગ્રેસ પર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ ખાતરી આપી હતી કે કોઈ પણ શિખ વ્યક્તિ ગુજરાત છોડશે નહી. કેટલાક લોકો ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરી રહ્યા છે. ચૂંટણી અભિયાનના ભાગરૂપે લુધિયાણાના જગરાઓ પાસે રેલીને સંબોધતા મોદીએ આક્રમક નિવેદન કર્યું હતુ. મોદીએ કહ્યું હતું કે કચ્છમાં શિખ સમુદાયના ખેડુતોની મહેનતના કારણે આજે સ્થિતી ખુબ સારી જોવા મળી રહી છે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર મોદીએ કહ્યું હતું કે કચ્છ માંથી કોઈ પણ શિખ ખેડુતને બહાર કરવામાં આવશે નહી. સમગ્ર વિશ્વમાં ગુજરાતી અને શિખ સમુદાયાના લોકો આજે ખભાથી ખબા મિલાવીને ચાલી રહ્યા છે. ગેરમાર્ગે દોરનાર લોકોથી હવે સાવદાન રહેવાનો સમય છે. જો કોઈ અધિકારી ભુલ કરશે તો તે જશે પરંતુ કોઈ ખેડુત જશે નહી. તેમણે કહ્યું હતું કે ગુજરાત પર જેટલો અધિકાર મોદીનો ચે તેટલો જ અધિકાર દરેક હિન્દુસ્તાનનો છે. પંજાબમાં મોદીની આ રેલીને ફતેહ રેલી નામ આપવામાં આવ્યું હતુ. પંજાબ અને ગુજરાત વચ્ચે સંબંધો ખુબ જુના છે. મોદીએ કહ્યું હતું કે જ્યારે ગુરૂ નાનક ગુજરાતમાં ગયા હતા ત્યારે લખપત ગુરૂદ્વારામાં ગયા હતા. ગુજરાતમાં ધરતીકંપમાં આ ગુરૂદ્વારાને ભારે નુકસાન થયા બાદ આને ફરી નિષ્ણાંત લોકોની સહાયતાથી બનાવવામાં આવ્યું હતું. મોદીએ યુપીએ સરકાર પર આકરા પ્રહારો જારી રાખ્યા હતા. મોદીએ યુપીએ સરકારના વચગાળાના બજેટમાં જાહેર કરવામાં આવેલી વન રેન્ક વન પેન્શનની યોજનાને વિશ્વાસઘાત તરીકે ગણાવીને તેની ટિકા કરી હતી. મોદીએ કહ્યું હતું કે અમારા સેનાના જવાનોની એક માંગ રહી છે. વન રેન્ક વન પેન્શનની માંગ રહી છે. દિલ્હીની સરકારે સેનાના જવાનોની સાથે હમેંશા ચેડા કર્યા છે. બજેટના



સમય વારંવાર જાહેરાત કરવામાં આવી છે. આ વખતે પણ કહેવામાં આવ્યું છે. પરંતુ આ વિશ્વાસઘાત છે. તેમણે કહ્યું હતું કે જો યુપીએ સરકાર ઈમાનદાર રહી હોત તો પોતાના ૧૦ બજેટ દરમિયાન એને પૂર્ણ કરી લેવામાં સફળતા મેળવી હોત.મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતું કે કોંગ્રેસ શિરોમણી અકાળી દળ અને ભાજપની મિત્રતાથી ખુબ પરેશાન છે. અહીં તેમની વિભાજન કરો અને શાસન કરોની નિતી ફ્લોપ રહી છે. રાજીવ ગાંધીએ એક વખતે કહ્યું હતું કે દિલ્હીમાંથી રૂપિયો નિકળે છે અને ગામ સુધી પહોંચતા પહોંચતા ૧૫ પૈસા થઈ જાય છે. મોદીએ પ્રશ્ન કર્યો હતો કે કયા પંજાએ રૂપિયાના ૧૫ પૈસા બનાવ્યા છે. મોદીએ કહ્યું હતું કે દિલ્હીમાં તેઓ સાવધાનીપૂર્વક રહેશે અને કોનિા પંજાને પડવા દેશે નહી. દેશની તિજોરીમાં લોકોના પૈસા હોય છે. પ્રકાશસિંહ બાદલે તેમને પાઘડી પહેરાવી છે અને આ પાઘડીનુ તેઓ સન્માન કરશે અને તેના સન્માનને વધારે વધારશે. તેમણે દેશને આગળ વધારવા માટે ત્રણ મુદ્દા પર વાત કરી હતી. જે પૈકી એક તૃતિયાંશ કૃષિ, એક તૃતિયાંશ નિર્માણ અને એક તૃતિયાંશ સર્વિસ સેક્ટરની વાત કરી હતી.

## સસ્તા માટે ભાજપ કઇ પણ કરી શકે છે : રાહુલનો દાવો

દહેરાદૂન,તા. ૨૩

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ભાજપ ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે સત્તા મેળવવા માટે ભાજપ કોઈપણ હદ સુધી જઈ શકે છે. ભાજપ પાસે દેશ માટે કોઈ વિચારધારા નથી તેમ જણાવીને કહ્યું હતું કે જ્યારે રાજીવ ગાંધી કોમ્પ્યુટર લઈને દેશમાં આવ્યા હતા ત્યારે ભાજપના નેતાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને કહ્યું હતું કે કોમ્પ્યુટરથી દેશ બરબાદ થઈ જશે પરંતુ આજે આ જ લોકો કોમ્પ્યુટર ટ્રેનિક આપવાની વાત કરી રહ્યા છે. રાહુલે કહ્યું હતું કે જે લોકોએ કોમ્પ્યુટરનો વિરોધ કર્યો હતો તે જ લોકો મોડેથી વડાપ્રધાન પણ બન્યા હતા એટલું જ નહીં મોડેથી ભાજપના પ્રમોદ મહાજને દેશમાં કોમ્પ્યુટર લાવવા માટેની ક્રેડિટ મેળવવાના પ્રયાસ કર્યા હતા. રાહુલે કહ્યું હતું કેરાજકારણમાં ઘમંડ અને નારાજગી માટેની કોઈ જગ્યા નથી. રાહુલે કહ્યું હતું કે કેરળની મહિલાઓએ તેમને કહ્યું હતું કે ૯ સીલીન્ડરથી કામ ચાલતું નથી ૧૨ સીલીન્ડરો મળે તે જરૂરી છે. ત્યારબાદ વડાપ્રધાન સાથે આ મુદ્દે વાત કરવામાં આવી હતી વડાપ્રધાન ૧૨ સીલીન્ડર માટેતૈયાર થઈ ગયા હતા. રાજકારણનું મતલબ એ છે કે દરેકની બાબતને સાંભળવામાં આવે પરંતુ ભાજપે લોહીની રાજનીતિ રમી છે તેમને પીડા સાથે કોઈ લેવાદેવા નથી માત્ર સત્તા જોઈએ છે. પોતાના ભાષણ દરમ્યાન રાહુલે કહ્યું હતું કે સત્તા મેળવવા માટે ભાજપ કઈ પણ કરી શકે છે હિન્દુઓને મુસ્લિમો સાથે લડાવી શકે છે, રમખાણો કરાવી શકે છે. ભ્રષ્ટાચારના મુદ્દે પણ રાહુલે વાત કરી હતી કે તેમજ કહ્યું હતું કે ભાજપને યેદીયુરપ્પાના ભ્રષ્ટાચાર દેખાતા નથી, પોતાની સરકારોના ભ્રષ્ટાચાર દેખાતા નથી, મહિલાઓને વધુ તાકત ઉપલબ્ધ કરાવવાની તરફેણ રાહુલ ગાંધીએ કરી હતી.

## કોંગ્રેસ સાથે ચૂંટણી જોડાણ કરવા મમતાએ ઈન્કાર કર્યો

કોલકાતા,તા. ૨૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ લોકસભાની ચૂંટણી પહેલાં તેમની ભાવિ યોજના અંગે કોઈ વાત કરવાનો ઈન્કાર કર્યો છે. પરંતુ સંકેત આપ્યો છે કે તેમની પાર્ટી કોંગ્રેસ સાથે કોઈપણ ચૂંટણી પહેલાં જોડાણ કરશે નહીં. ચૂંટણી બાદ જે સ્થિતિ ઊભી થશે તે મુજબ નિર્ણય લેવામાં આવશે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી બાદ કેન્દ્રીય રાજકારણમાં મમતા બેનર્જીની ભૂમિકા ખૂબ નિર્ણાયક સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં મમતા બેનર્જીને પ્રભાવિત કરવાના કોંગ્રેસ અને ભાજપ બંનેના પ્રયાસ આગામી દિવસોમાં રહી શકે છે. એવું જાણવા મળી રહ્યું છે કે નરેન્દ્ર મોદી એકબાજુ વિકાસના મોરચે સૌથી આગળ નીકળી રહ્યા છે. તેમની પ્રતિષ્ઠા વિકાસલક્ષી તરીકે ઊભી થઈ છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આપેલી મુલાકાતમાં મમતાએ કહ્યું છે કે કોંગ્રેસ અને ભાજપ બંનેની ચૂંટણી ગણતરી ખોટી સાબિત થઈ શકે છે. મમતાનું કહેવું છે કે કોંગ્રેસને લોકો ફગાવી દેશે પરંતુ ભાજપ દ્વારા ઊંચી બેઠકોની વાત થઈ રહી છે. છેવટે બંનેને નિરાશા હાથ લાગશે. જો કે મમતાએ કોઈપણ રાજકીય પાર્ટીનો ઉલ્લેખ કર્યો ન હતો. ભાજપ અને કોંગ્રેસ વગરની સરકાર કેન્દ્રમાં બંને તેવા સંકેત પણ મમતાએ આપ્યા હતા. દેખીતી રીતે જ મમતા બેનર્જી તેમના પતા પહેલાથી જ ખુલ્લા કરવા ઈચ્છતા નથી. પરિણામ સુધી રાહ જોવા ઈચ્છે છે.

મમતાનું કહેવું છે કે કોંગ્રેસ, સીપીઆઈએમ અને ભાજપ સાથે લડત ચલાવવામાં આવશે અને લોકસભાની ચૂંટણી તમામની વિરુદ્ધમાં લડવામાં આવશે. જનલોકપાલ બિલના મુદ્દે સરકારમાંથી રાજીનામું આપી દેવાના અરવિંદ કેજરીવાલના વલણ અંગે ટિપ્પણી કરવાનો મમતા બેનર્જીએ ઈન્કાર કર્યો હતો. તેમણે ભાર પૂર્વક કહ્યું હતું કે ત્રણ દશકના લાંબા સંઘર્ષ બાદ તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીની રચના થઈ છે. ભાજપ અને કોંગ્રેસ એકબીજાના વિકલ્પ નહીં હોવાનો દાવો પણ કર્યો હતો. ભ્રષ્ટ સરકારથી દૂર રહેવાની બાબત પણ મુશ્કેલરૂપ છે.

## આમિર ફાઈનેસ્ટ એક્ટર : શાહરૂખની કબૂલાત

મુંબઈ,તા. ૨૩

બોલિવૂડના સુપર સ્ટાર અભિનેતા શાહરૂખ ખાને આમિર ખાનની પ્રશંસા કરતા કહ્યુંછે કે આમિર ફાઈનેસ્ટ એક્ટર પૈકીનો એક છે. ધૂમ-૩માં આમિર ખાને જે પ્રકારનું કામ કર્યું છે તે પ્રેરણા સમાન છે. એક કાર્યક્રમમાં શાહરૂખ ખાને કહ્યું છે કે દેશમાં શ્રેષ્ઠ અભિનેતાઓ પૈકી આમિર એક છે. ધૂમ-૩માં જે પ્રકારના શરીરની જરૂર હતી તે પ્રકારની બોડી જાળવી રાખીને આમિર ખાને ભૂમિકા ભજવી છે. આના માટે આમિર ખાનને ખૂબ મહેનત કરવી પડી હશે. આમિર ખાન હમેશા અન્યો માટે પ્રેરણાસમાન રહે છે. માત્ર શારીરિક રીતે જ નહીં બલ્કે માનસિક રીતે તે ખૂબ જ ઉલ્લેખનીય કામગીરી કરી રહ્યો છે. આમિર ખાનની અમે પ્રશંસા કરીએ છીએ. આમિર ખાન પ્રથમ વખત ફિલ્મમાં નેગેટીવ ભૂમિકા અદા કરી રહ્યો છે. શાહરૂખ ખાન ફરી એકવાર નકારાત્મક ભૂમિકા કરવા માટે ઈચ્છુક છે. ધૂમ-૩માં આમિરે નેગેટીવ ભૂમિકા કરી છે. બીજી બાજુ શાહરૂખ ખાને વિતેલા વર્ષોમાં અનેક ફિલ્મોમાં વિલનની ભૂમિકા ભજવી છે જેમાં ડર, બાઝીગર અને અંજામનો સમાવેશ થાય છે. શાહરૂખનું કહેવું છે કે નેગેટિવ ભૂમિકા ભજવ્યાને ઘણો સમય થઈ ગયો છે. આવી ભૂમિકા કરી નથી. જો નકારાત્મક ભૂમિકાની ઓપર કરવામાં આવશે તો તે ચોક્કસપણે અદા કરશે. તેને ફાયદો નહીં થાય તો પણ આ પ્રકારની ભૂમિકા કરશે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'ફૂટનોટ' પુસ્તકના લેખક યશવંત મહેતાનો જન્મ ૧૯ જૂન, ૧૯૩૮ના સુરેન્દ્રનગર જિલ્લાના લીલાપુર ગામે. તેમનો અભ્યાસ બી.એ. પત્રકારત્વનો વ્યવસાય સાથે બહોળું લેખન કરતા રહ્યા છે. તેઓ બાળ સાહિત્ય અકાદમી અમદાવાદના સ્થાપક અને સંપાદક છે. નેશનલ કાઉન્સિલ ઓફ ચાઇલ્ડ એજ્યુકેશન નવી દિલ્હીનું સન્માન ઉપરાંત પ્રેમાનંદ ચંદ્રક, ધનજી કાનજી ચંદ્રક, નવલિકા ચંદ્રિકા, બે વખત સંસ્કાર એવોર્ડ, પત્રકારત્વ એવોર્ડ, પદ્મકાંત એવોર્ડ પણ મળેલ છે. તે ઉપરાંત અનેક પારિતોષિકો તેઓ સન્માનિત થયા છે. અનુવાદ, વિવેચન, ચરિત્રલેખન, વાર્તા સંગ્રહો એમ અનેકવિધ સાહિત્યનાં પ્રકારોમાં તેમને મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. 'ફૂટનોટ' નામે તેમનાં આત્મકથાત્મક લેખોનાં આ સંચય તેમનાં ૭૫ વર્ષની કારકિર્દીની બિરદાવવા અમૃત મહોત્સવ પ્રસંગે પ્રગટ થયું છે તેમાં મારો રાજીપો વ્યક્ત કરું છું અને લેખકને ખુબ ખુબ અભિનંદન સાથે પુસ્તકને આવકારું છું.

### માનવસંબંધો... (પાન.૪ નું ચાલું)

- 'સ્વ'ની નહીં, સર્વની ચિંતા કરવી.
- બીજાને સહયોગ કરવાથી જ એમને સહયોગી બનાવી શકાય.
- ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જેમ અર્જુનને કહ્યું છે - યોગ ક્ષેમં વહામ્યહમ્ । હું તારા યોગ -ક્ષેમની ચિંતા કરીશ. એમ જો પ્રબંધક પોતાના સાથી કાર્યકર્તાઓનાં સુખ-દુઃખમાં સહભાગી થાય તો કાર્યકર્તા સલામતી અનુભવે છે.
- સમાનતાનો ભાવ નહીં, આત્મીયતાનો ભાવ અપેક્ષિત છે.
- ખૂબ સારાં પરિણામો માટે સારી ટીમ બનાવી જરૂરી છે.... અને સારી ટીમ બનાવવા માટે પ્રબંધક નીચેનામાં સોપાનો મુજબ ક્રમબદ્ધ કાર્ય કરે એ પણ જરૂરી છે -

ચિંતન → ચર્ચા → નિર્ણય → આયોજન → ક્રિયાન્વયન અનુવર્તી પ્રયાસો (Follow-up) → પરિણામ → સમીક્ષા. આવી અષ્ટપદીને અમલમાં ઘણાં સારાં પરિણામો મળી શકે.

- કાર્યની સમગ્રતાને અનુલક્ષીને કાર્યનું યોગ્ય વિભાજન અને વિકેન્દ્રીકરણ કરવું જોઇએ.
- કાર્યકર્તાનું મન ન તૂટે તેની કાળજી રાખવી.
- કાર્યકર્તા લઘુતાગ્રંથિમાં સરી પડે એવો વ્યવહાર ન કરવો.

કુશળ પ્રબંધક કુશળ સંગઠન હોય છે. પોતાના હસમુખા ચહેરાથી અને હળવી કાર્યશૈલીથી એ આર્યકર્તાઓનાં મન જીતી શકે છે. એક સરસ ઉક્તિ છે -

Smile is a cooling system of heart,
- sparking system of eyes,
- lighting system of face,
- relexing system of mind.

આવું બીજું પણ એક મહત્ત્વપૂર્ણ કથન છે -

Soft speech, pure heart, peaceful eyes, strengthful hands, focused mind and determined decision always make you a winner of life.

પરિસ્થિતિઓને પોતાને અનુકૂળ બનાવવી એનું નામ જ પુરૂષાર્થ!

ચાલો, આપણે પણ આવા જ પ્રખર પુરૂષાર્થી કાર્યકર્તા બનીએ અને આ જીવનના મહાસમરમાં વિજયી નીવડીએ.

### ટાઈમ લાઈન

● અનુસંધાન સાતમાનું ચાલુ

પૂર્ણ થયા પછી ચૂંટણી પંચના અધિકારીઓ શું કરતા હશે તેવું વિચારીને આપણા નેતાઓ પણ ચૂંટણી પંચને કામ આપી રહ્યાં છે. કોઈને કોઈ કારણોસર બેઠક ખાલી કરીને પેટા ચૂંટણી કરાવે એટલે ચૂંટણી પંચમાં ફરી ચહલ-પહલ શરૂ થઈ જાય છે. કુદરતી રીતે કોઈ સભ્ય અવસાન પામે તો સમજી શકાય કે એ બેઠક ઉપર છ મહિનામાં ચૂંટણી કરવી પડે, પરંતુ એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં જવા માટે ચૂંટણી કરવાની પ્રથા ગુજરાતે શરૂ કરાવી છે. એનો પાર્ટી કે સભ્યને ફાયદો એ થાય કે તે પ્રજાનો દ્રોહ કરતો નથી, ફરીથી મત માગી રહ્યો છે....

પક્ષપલ્ટાના કાનૂન સામે આ હથિયાર મજબૂત બની રહ્યું છે. કોઈ સરકારને પાડવી હોય તો એક એક કરીને સભ્યોને રાજીનામા અપાવી દેવાના અને પછી પેટાચૂંટણી કરીને પોતાની પાર્ટીનો સભ્ય બનાવી દેવાનો...મોદીનો આ અખતરો આખા દેશમાં શરૂ થાય તો નવાઈ પામવા જેવું નથી. દિલ્હીની સરકારમાં આ શક્ય હતું પરંતુ ખુદ મુખ્યમંત્રી એટલા બધાં ઉતાવળા હતા કે તેમને કેબિનમાં બેસીને નહી, પ્રજાની વચ્ચે જઈને રાજ કરવું છે. પાર્ટી બદલવા માટે વન થર્ડ સભ્યો જોઈએ, પણ પેટા ચૂંટણીમાં સભ્યસંખ્યાની કોઈ મર્યાદા નથી. કોંગ્રેસના એકસામટે ૨૦ સભ્યો રાજીનામા આપી ભાજપમાં જોડાય તો આ બધી બેઠકોમાં પેટાચૂંટણી આવી શકે, આમ પણ ચાર બેઠકોની પેટાચૂંટણી તો આવી ચૂકી છે...

**નરેન્દ્ર મોદીના બન્ને હાથમાં લાડુ છે...**

ભગવાન શ્રીકૃષ્ણના એક હાથમાં લાડુ હોય તેવો ફોટો આપણે જોયો છે પણ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના બન્ને હાથમાં સત્તાના લાડુ છે. સિક્કામાં ક્રોસ પડે કે કિંગ આવે, મોદીને કોઈ ફરક પડવાનો નથી. મોદીના એક હાથમાં ચીફ મિનિસ્ટરની ખુરશી છે અને બીજા હાથમાં પ્રાઈમ મિનિસ્ટરની ખુરશી છે. મોદી લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે તે નિશ્ચિત બની ચૂક્યું છે. તેઓ જો લોકસભાની ચૂંટણી લડે તો તેમને મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપવું પડે..? તેવા સવાલના જવાબમાં વિધાનસભાના સેક્રેટરી દેવેન્દ્ર પટેલ એમ કહે છે કે એવું કંઈ જરૂરી નથી. તેઓ મુખ્યપ્રધાન પદે રહીને ચૂંટણી લડી શકે છે, પછી તેમણે નક્કી કરવાનું છે કે લોકસભાની બેઠકો ખાલી કરવી કે વિધાનસભાની.. એનો મલતબ એ જ થયો ને કે તેમના બન્ને હાથમાં લાડુ છે..!!

કેન્દ્રમાં એનડીએની સરકાર બનવાની શક્યતાઓ ઘણી છે પરંતુ કોઈ ચમત્કાર થાય અને એનડીએની બેઠકો ઓછી પડે તો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની શકે નહીં, તે સમયે તેઓ લોકસભાની જીતેલી બેઠક ખાલી કરીને વિધાનસભાની બેઠક અને મુખ્યપ્રધાન પદ જાળવી રાખી શકે છે. મોદીના દિલ્હીગમન માટે શક્યતાઓ છે, પણ ગાંધીનગર તો તેમની પાસે જ છે..!! તેઓ ૨૦૧૭ સુધી અને નવી ટર્મ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી રાજ કરી શકે છે. આ ટર્મ સુધીમાં કોંગ્રેસભવન પાછળની સાબરમતી નદીમાં ઘણાં પાણી વહી ચૂક્યાં હશે. જો કે હવે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને મુખ્ય પાર્ટીઓની પ્રદેશ કચેરીઓ સાબરમતી નદીની એક સાઈડે આવી ચૂકી છે, જે પહેલાં વિરૂદ્ધ દિશામાં હતી...

**એસ્સારની દ્વિધા, પાર્ટી ફાળો આપવો કે નહી...**

ચૂંટણી આવે એટલે રાજકીય પાર્ટીઓની નજર દેશના ટોચના ઉદ્યોગજૂથ ઉપર મંડાયેલી જોવા મળે છે. આ ચૂંટણી પછી વિધાનસભાની હોય કે લોકસભાની, બન્ને પ્રયોગમાં ઉદ્યોગજૂથોને ખંખેરી લેવામાં આવતા હોય છે. ભાજપને અદાણી તો ચૂંટણી ફંડ આપશે પરંતુ ભારતના ટોચના ઉદ્યોગજૂથ એસ્સારને નવી દ્વિધા છે. આ કંપની વિચારે છે કે તેણે સરકારમાં બાકી ટેક્સના નાણાં ચૂકવી દીધા છે તો ચૂંટણી ફંડ આપવું નહી પડે, પરંતુ સરકારી સૂત્રો કહે છે કે એવું ના ચાલે..!! ચૂંટણી અને સરકાર એ બન્ને અલગ અલગ પ્લેટફોર્મ છે. લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ ટેન્શન એસ્સારને થયું છે, અદાણી જૂથને તો જલસા છે...

સચિવાલયના એક અધિકારીએ ખુલાસો કરતાં એમ કહ્યું કે એસ્સાર જૂથ તરફથી સરકારને બાકી વેચાણવેરા પેટે ૩૪૨૯ કરોડ રૂપિયા મળી ચૂક્યાં છે. બીજી એટલી જ રકમ મળવાના બાકી છે. ૬૦૦૦ કરોડ કરતાં વધુની આટલી મોટી રકમ જે કંપની સરકારમાં ભરપાઈ કરવાની હોય તેણે પણ ચૂંટણી ફંડ તો આપવું જ પડશે. લોકસભા કરતાં પ્રાઈમ મિનિસ્ટરના સ્ટેટસનો સવાલ છે. રાજયમાં રહીને બિઝનેસ કરવો હોય તો ચૂંટણી ફંડફાળો તો પ્રત્યેક કંપનીએ આપવો જ પડશે, કારણ કે તે પછી પેન્ડીગ ફાઈલોનું ઝડપી ક્લિયરન્સ થઈ શકે છે...

**એક રૂપિયાનું મૂલ્ય શું...તો ભિંત ભૂલો છો...**

આપણને એમ થતું હશે કે એક રૂપિયાનું મૂલ્ય શું..? ખાવા માટે અને પીવા માટે કંઈ આવતું નથી. પીવાના પાણીનું પાઉચ પહેલાં આપણને એક રૂપિયામાં મળતું હતું, તેના બે રૂપિયા થઈ ચૂક્યા છે. ભલે એક રૂપિયામાં આજે કંઈ મળતું ન હોય, પણ જો એક-એક કરતાં આ રૂપિયો એકત્ર થાય તો વિચારો કેટલા અમીર બની શકાય છે. નાણા વિભાગના એક કર્મચારીએ રૂપિયાનું મૂલ્ય સમજાવ્યું છે. સચિવાલયની કેન્ટીનમાં સહકર્મચારી સાથે ચા પીવા બેઠેલા આ ગણિતજ્ઞ કહે છે કે વિચારો, ભારતની વસતી ૧૨૫ કરોડ થવા જાય છે. આટલી વસતીમાં જઈને કોઈ સંગઠન એક-એક રૂપિયો માગે તો કેટલા રૂપિયા ભેગા થઈ શકે.. એક રૂપિયામાં કોઈ ના પણ પાડી શકે નહીં. ખાવાની તમાકુની જેમ ફ્રી આપી દેતા હોય છે...

બીજા કર્મચારીએ અન્યોનું ધ્યાન દોરતાં કહ્યું કે, ધનસંગ્રહનું અભિયાન ચલાવનાર ભાજપને જઈને પૂછો, કેટલા રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. કોઈ પાર્ટી કે સંગઠન દેશની જનતા સમક્ષ જઈને માત્ર એક-એક રૂપિયો ઉઘરાવે તો કુલ વસતીમાંથી એક થી દસ વર્ષના બાળકો અને વયોવૃદ્ધોને બાદ કરીએ તો ૧૦૦ કરોડ ચપટીમાં મળી શકે છે. બધાં લોકો એક રૂપિયો તો આપવાના નથી, કોઈ ૧૦ રૂપિયા, તો કોઈ ૧૦૦ રૂપિયા તો કોઈ ૧૦૦ રૂપિયા આપશે... એટલે કોઈ વ્યક્તિ એક રૂપિયો આપવાનો ઈન્કાર કરે તો પણ ટારગેટ તો પૂર્ણ થઈ શકે છે. આટલા માટે જ ફેસબુકે વોટ્સઅપને ખરીદી લીધું છે...

**એપ્રિલ સુધીમાં પાંચ IAS વય નિવૃત્ત થશે...**

એપ્રિલ મહિના સુધીમાં રાજયના સિનિયર કહી શકાય તેવા પાંચ આઈએએસ અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યાં છે. આ અધિકારીઓ પૈકી પી.એચ.શાહ અને વિનય વ્યાસા ફેબ્રુઆરીમાં, દિનેશ બ્રહ્મભટ્ટ માર્ચમાં તેમજ જે.ડી.બારડ એપ્રિલમાં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. સૌથી મોટી વય નિવૃત્તિ રાજયના ચીફ સેક્રેટરીની છે તેઓ એપ્રિલમાં નિવૃત્ત થશે. ચૂંટણી જાહેર થતાં પહેલાં જો કેન્દ્ર સરકાર સેન્ટ્રલ સર્વિસિઝમાં નિવૃત્તિ વય મર્યાદા ૬૦ થી વધારીને ૬૨ નહી કરી શકે તો આ શક્ય બનશે અન્યથા આ પાંચ અધિકારીઓને સર્વિસમાં વધુ બે વર્ષની ગિફ્ટ મળી જશે...

### સમાચાર ઝલક

- અંબાજીમાં હવાઈ સફર કરીને ૫૧ પીઠ સ્થાનો તથા કુદરતી સૌંદર્ય નીહાળી શકાશે.
- શ્રી રાહુલ ગાંધી, શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી અરવિંદ કેજરીવાલ, શ્રી અખિલેશ યાદવની રવિવારે રેલીઓ યોજાઈ હતી.
- દિલ્હીમાં આસામની યુવતી પર દુષ્કર્મ - પૂર્વના રાજ્યોમાં રોષની લાગણી.
- મુંબઈમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને આપ પાર્ટીના કાર્યકરો વચ્ચે મારામારી.
- બિહારના ગયામાં નકસલવાદીઓને ઠાર કરાયા-નકસલીઓ બે કલાક સતત ગોળીબાર કરી ટકરાયા.
- યુક્રેનના રાષ્ટ્રપતિ ભવનમાં જનતા ઘુસી ઘઈ, વિરોધ પક્ષના નેતાને છુટકારો.
- વડોદરામાં કરોડ રૂપિયાનું ચરસ પકડાયું. રેલવે મારફતે હેરાફેરી થતી હતી. ૪ની મહિલા સાથે ધરપકડ.
- ખેડા જિલ્લાની બેંકોમાં ડુપ્લીકેટ ચેકથી બેંક સાથેની ઠગાઈ પકડાઈ.
- બેચરાજી નજીક મારૂતિ પ્લાન્ટનું કામ રોકતા ખેડૂતો. પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.
- ગારીયાધાર નજીક જાન ભરેલી બસને અકસ્માત. ૪નાં મોત ૧૮ ને ઈજા.
- ભારતમાં દર ૨૦ વ્યકિતમાંથી એક વ્યકિત ડીપ્રેશનથી પીડાય છે.
- ડીસા પોલીસે ચાલુ ટ્રકે ચોરી કરનાર તસ્કરોને બોલેરો ગાડી સાથે પકડયા.
- સુરતથી રાજસ્થાન જતા એક જ પરિવારના ૪ વ્યકિતઓના અકસ્માતમાં મોત.
- અફઘાનિસ્તાનમાં ૧૮ તાલિબાનોના મોત થયા.
- બેંક કર્મચારી મંડળ નાદાર લોકોની યાદી જાહેર કરશે.
- ભારતનું અર્થતંત્ર રૂઢિગત માળખામાં ફસાઈ ગયું છે : અર્થશાસ્ત્રીનો મત.